# મહિલા બિલ રાજ્યસભામાં પસાર થયુંઃ ઈતિહાસ રચાયો

નવી દિલ્હી, બુધવાર

સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવા સાથે સંબંધિત મહિલા અનામત બિલ આખરે આજે રાજ્યસભામાં પસાર થઈ જતા ઈતિહાસ રચાયો હતો. મહિલા બિલ રાજ્યસભામાં બે તૃતિયાંશ બહુમતી સાથે પસાર થયું હતું. આની તરફેણમાં ૧૮૬ અને વિરોધમાં માત્ર એક વોટ પડ્યો હતો. રાજ્યસભાના અધ્યક્ષ હમીદ અંસારીએ મહિલા અનામત બિલ પર ચર્ચા પૂર્ણ થવાની જાહેરાત કરતા વોટીંગની ઘોષણા કરી હતી. એ વેળા બસપના સતિષ મિશ્રાએ બિલમાં સામેલ નહીં થાય તેવી જાહેરાત કરી હતી. ગઈકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રસંગે મહિલા અનામત બિલ રાજ્યસભામાં ધાંધલ ધમાલ અને ઘણી ગૂંચના કારણે પસાર થઈ શક્યું ન હતું. આજે પણ પસાર થશે કે કેમ તેવી અટકળો ચાલી રહી હતી પરંતુ આજે આ બિલ પસાર થઈ ગયું હતું. હવે લોકસભા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાશે. વારંવાર ધાંધલ ધમાલ અને જોરદાર વિરોધ વચ્ચે રાજ્યસભામાં આજે સાંજે ઐતિહાસિક મહિલા અનામત બિલના મુદ્દે ચર્ચા હાથ ધરાઈ હતી. ચર્ચા દરમિયાન પોતાના મત રજુ કરનાર પક્ષોમાં ભાજપના અરૂણ જેટલી, સીપીઆઈએમના વૃંદા કારત, બહુજન સમાજ પક્ષના સતિષ મિશ્રા અને કોંગ્રેસના જયંતિ નટરાજનનો સમાવેશ થાય છે.

## બે તૃતિયાંશ બહુમતીથી પસાર : સમર્થનમાં ૧૮૬ મતઃ ધમાલ અને વિરોધ વચ્ચે મહિલા અનામત બિલ પર ચર્ચા હાથ ધરાયા બાદ બિલ પસાર : ભાજપ, કોંગ્રેસ, બસપ, સીપીઆઈએ ચર્ચામાં ભાગ લીધો

ચર્ચાની શરૂઆત કરતા ભાજપે આ બિલને ટેકો આપ્યો હતો પરંતુ કહ્યું હતું કે ભારતના સંસદીય ઈતિહાસમાં સૌથી શરમજનક બનાવો બની ચુક્યા છે તેવા બનાવો હવે ન બને તેની જરૂર છે. રાજ્યસભામાં વિપક્ષના નેતાએ અધ્યક્ષ હમીદ અંસારીએ બંધારણીય સુધારા બિલ વોટ માટે રજુ કર્યા બાદ પોતાનું નિવેદન કર્યું હતું.

બિલની તરફેણમાં વૃંદા કારતે કહ્યું હતું કે સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલા અનામતથી દેશની સંસ્કૃતિમાં બદલાવ આવશે કારણ કે મહિલાઓ આજે પણ સાંસ્કૃતિક કેદમાં છે. પરંપરાના નામે સ્ટીરીયો ટાઈપ લાદવામાં આવ્યા છે. મહિલા અનામત બિલ એવી ખાતરી કરશે કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત જાતિ, ગરીબ મહિલાઓ, મુસ્લિમ મહિલાઓને આનાથી લાભ મળે. જોકે બહુજન સમાજ પક્ષના નેતા સતિષ મિશ્રાએ કહ્યું હતું કે વર્તમાન સ્વરૂપમાં સૂચિત ખરડાને પક્ષ ટેકો આપશે નહીં. સમાજવાદી પક્ષ અને આરજેડી દ્વારા કરવામાં આવી રહેલા વિરોધ છતાં રાજ્યસભામાં મહિલા અનામત બિલ પસાર થાય તેવી ઈચ્છા અગાઉ કોંગ્રેસે વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે મહિલા બિલ મુદ્દે કોંગ્રેસ મક્કમ વલણ અપનાવે છે. કોંગ્રેસ તમામ બાબતોને ધ્યાનમાં લઈને આગળ વધી રહી છે. અગાઉ વડાપ્રધાન મનમોહનસિંઘે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાથે વાતચીત કરી હતી. મિટીંગમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રણવ મુખર્જી અને અહેમદ પટેલ તેમજ તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી પણ હાજર રહ્યા હતા. સોનિયા ગાંધી સાથે મિટીંગ બાદ વડાપ્રધાને કોંગ્રેસના સાંસદો સાથે મહિલા અનામત બિલના ભાવિ અને અન્ય પ્રશ્ને ચર્ચા વિચારણા કરી હતી. બીજી બાજુ લોકસભામાં મહિલા અનામત બિલ મુદ્દે ધાંધલ ધમાલ જારી રહી હતી. જેથી લોકસભાને મોકૂફ કરવાની ફરજ પડી હતી. ગઈકાલે નીચલા ગૃહની કાર્યવાહી ચાર વખત મોકૂફ કરવામાં આવી હતી. બે મહિલા સાંસદો ઉષા વર્મા અને સુશીલા સરોજ ધાંધલ ધમાલ કરી રહેલા ૩૦ સભ્યો સાથે જોડાયા હતા.

## બિલની સાથે સાથે...

નવી દિલ્હી, બુધવાર

- વિરોધ પક્ષોના જોરદાર દેખાવ અને ધાંધલ ધમાલ વચ્ચે રાજ્યસભામાં મહિલા અનામત બિલ ચર્ચા માટે હાથ ધરાયું
- ભાજપના અરૂણ જેટલી, સીપીઆઈએમના વૃંદા કારત, બસપના સતિષ મિશ્રા અને કોંગ્રેસના જયંતિ નટરાજને ચર્ચામાં ભાગ લીધો.
- દેશની સંસ્કૃતિમાં મહિલા અનામત બિલથી બદલાવ આવશે તેવો મત વૃંદા કરાતે રજુ કર્યો.
- અનામત બિલથી અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાત જાતિ, ગરીબ મહિલા અને મુસ્લિમ મહિલાઓને લાભ થશે.
- કોંગ્રેસના નેતા અને પ્રવક્તા જયંતિ નટરાજને દલિત મહિલા માટે ખાસ ક્વોટાની માંગણી ફગાવી દીધી.
- દેશના લોકોને અનામત આપીને કોંગ્રેસે મોટી સિદ્ધિ મેળવી હોવાની પણ નટરાજનની પ્રતિક્રિયા.
- જનતાદળ-યુના શિવાનંદ તિવારીએ ગૃહમાં અડચણો ઉભી કરી.
- અન્નાદ્રમુકના વી. મૈત્રીયાને ધ્યાન દોર્યું કે આ બિલ ભારતીય ગૃહિણી માટે એક આદર્શ સમાન છે. ગૃહિણીની નાણાંકીય સ્થિતિ સુધરશે.
- ધાંધલ ધમાલ બદલ રાજ્યસભાના અધ્યક્ષ હમીદ અંસારીએ સાત સાંસદોને સસ્પેન્ડ કર્યા.

## મહિલા બિલ : સમયચક્ર

નવી દિલ્હી, બુધવાર

- સાંજે ૬.૪૫ : ઐતિહાસિક મહિલા અનામત બિલ રાજ્યસભામાં ૨/૩ બહુમતીથી પાસ બિલની તરફેણમાં ૧૮૬ અને વિરોધમાં એક વોટ પડ્યો.
- ૬.૩૦ : રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારીએ બિલ પર ચર્ચા પૂરી થવાની અને મતદાનની જાહેરાત કરી.
- ૪.૫૦ : કેન્દ્રીત રેલ્વે મંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ બિલ રજૂ કરવાની સરકાર ની પદ્ધતિથી નારાજગી દર્શાવી ને મતદાનમાં ભાગ નહીં લેવાની જાહેરાત કરી.
- ૪.૧૫ : બિલ પર ચર્ચા અંતિમ ચરણમાં પહોંચી ભાજપ, કોંગ્રેસ અને સીપીએમએ તરફેણ કરી, બીજી બાજુ બસપાના સનીષ મિશ્રાએ દલિત મહિલાઓનો વિચાર કરવામાં આવ્યાન હોવાના મુદ્દે વિરોધ કર્યો.
- ૩.૧૧ ગૃહની કાર્યવાહી પુનઃ શરૂ થઈ. સસ્પેન્ડ કરેલા સાતેય સાંસદોને સાર્જન્ટોની મદદથી ગૃહની બહાર લઈ જવાયા.
- ૩.૦૦ કાર્યવાહી ચાલુ થઈ કે તરત જ આરજેડી અને સમાજવાદી પાર્ટીના સાંસદોએ બિલના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા.
- ૨.૦૦ : બિલ પર સોમવારે ધાંધલ-ધમાલ કરનાર સાતેય સાંસદોને બજેટ સત્રમાંથી સસ્પેન્ડ કરાયા.
- ૧૧.૪૦ : બિલના વિરોધને કારણે થયેલા હોબાળા પછી રાજ્યસભાની કાર્યવાહી ફરી શરૂ થઈ.
- ૧૦.૩૦ : અનામત બીલ પર સર્વસંમતિ સાધવા સરકારે વિરોધ કરી રહેલા પક્ષો સાથે ચર્ચા કરી, સવારે વડાપ્રધાન મનમોહનસિંઘે યાદવ ત્રિપૂટી સાથે ચર્ચા કરી પરંતુ કોઈ પરિણામ આવ્યું નહીં.

## ૭ પુત્રીના પિતા છો બિલનું સમર્થન કરો : લાલુને ટકોર

નવી દિલ્હી, બુધવાર

કોંગ્રેસ પ્રમુખ અને યુપીએના અધ્યક્ષા સોનીયા ગાંધીએ આજે રાષ્ટ્રીય જનતાદળ (આરજેડી)ના વડા લાલુપ્રસાદ યાદવને ૭ પુત્રીના પિતા હોવાનું યાદ કરાવીને મહિલા અનામત બિલનું સમર્થન કરાવની અપીલ કરી હતી. લોકસભાના લાલુપ્રસાદ યાદવ અને મુલાયમસિંહ યાદવ સાથે શું વાત થઈ તેના જવાબમાં સોનીયા ગાંધીએ કહ્યુ હતુ કે લાલુજીને મેં કહ્યુ હતુ કે તમે સાત પુત્રીના પિતા છો તેથી બિલની તરફેણ કરો તો તેઓ હસી પડ્યા હતા. ગાંધીએ આશા વ્યક્ત કરી હતી કે તેઓ બિલનું સમર્થન કરશે. બિલ પાસ થઈ ગયા બાદ સોનીયા ગાંધીએ ખુશી વ્યક્ત કરતા કહ્યુ હતુ કે યુપીએની સ્થિરતા પર કોઈ જોખમ નથી. રાજયસભાની જેમ લોકસભામાં પણ બિલ સરળતાથી પાસ થઈ જશે. અમારા પૂર્વ સહયોગી પણ આરજેડી અને સપા પર સામટુ સમર્થન કરશે.

### કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની ટીખળઃ યુપીએની સ્થિરતા ઉપર જોખમ નહીં : ગાંધી